# Visit of the Prime Minister of the United Kingdom to India (April 21-22, 2022)

April 22, 2022

**<u>યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાનની ભારતની મુલાકાત (એપ્રિલ 21-22, 2022)</u>**

એપ્રિલ 22, 2022

1. યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન માનનીય બોરિસ જોન્સન ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર 21-22 એપ્રિલ 2022 દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે છે. યુ.કે. ના વડાપ્રધાન તરીકે ભારતની આ તેમની પ્રથમ મુલાકાત છે.

2. 2 એપ્રિલ, 2022 ના રોજ રાષ્ટ્રપતિભવનમાં વડા પ્રધાન જોહ્ન્સનનું ઔપચારિક માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું અને વડા પ્રધાન મોદીએ તેમને આવકાર્યા હતા. પ્રાઈમ મિનિસ્ટર જોન્સને પછી મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરવા અને શ્રદ્ધાંજલિ આપવા રાજઘાટની મુલાકાત લીધી હતી.

3. વડાપ્રધાન મોદીએ હૈદરાબાદ હાઉસ ખાતે મુલાકાત લેનાર વડાપ્રધાન સાથે દ્વિપક્ષીય પરામર્શ કર્યો હતો અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કર્યું હતું. અગાઉ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન સાથે મુલાકાત કરી હતી.

4. દ્વિપક્ષીય વાટાઘાટોમાં, બંને વડા પ્રધાનોએ, મે 2021 માં વર્ચ્યુઅલ સમિટમાં શરૂ કરાયેલ રોડમેપ 2030 માં થયેલી પ્રગતિની પ્રશંસા થઈ હતી અને દ્વિપક્ષીય સંબંધોની સંપૂર્ણ શૃંખલામાં વધુ મજબૂત અને કાર્યલક્ષી સહયોગને આગળ ધપાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેઓએ ચાલુ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને વિસ્તૃત વ્યાપારી ભાગીદારીના અમલીકરણમાં પ્રગતિની પ્રશંસા કરી હતી અને ઓક્ટોબર 2022ના અંત સુધીમાં અને સંતુલિત વેપાર પૂર્ણ કરવા સંમત થયા. ફ્રી ટ્રેડ અગ્રીમેન્ટ 2030 સુધીમાં દ્વિ-દિશીય વેપારને બમણા કરવાની કેડી કંડારશે.

5. બંને નેતાઓ સંરક્ષણમાં અને સુરક્ષા સહયોગમાં ભારત-યુ.કે. ઘનિષ્ટ વ્યૂહાત્મક ભાગીદારીના એક મુખ્ય ઘટક તરીકે રૂપાંતરિત કરવા સંમત થયા હતા અને બંને દેશોના સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પહોંચી વળવા સહ-વિકાસ અને સહ-ઉત્પાદન સહિત સંરક્ષણ સહયોગ માટેની તકો પર ચર્ચા કરી હતી. બંને પક્ષોએ સાયબર સુરક્ષા પર, ખાસ કરીને સાયબર ગવર્નન્સ, સાયબર ગેરઉપયોગથી દૂર રહેવા અને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષાના ક્ષેત્રોમાં સહયોગને વધુ તીવ્ર બનાવવા માટે **<u>સંયુક્ત નિવેદન</u>** બહાર પાડ્યું હતું. તેઓ આતંકવાદ અને કટ્ટરપંથી ઉગ્રવાદના સતત ખતરાનો સામનો કરવા ઘનિષ્ટ સહયોગ માટે પણ સંમત થયા હતા.

6. બંને વડાપ્રધાનોએ ઈન્ડો-પેસિફિક, અફઘાનિસ્તાન, UNSC, G20 અને કોમનવેલ્થમાં સહકાર સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓના દ્રષ્ટિકોણનું પણ આદાન-પ્રદાન કર્યું. ભારતે મરીન સિક્યુરિટી પિલર હેઠળ યુ.કે. ને ઈન્ડો-પેસિફિક મહાસાગરની પહેલ-કદમમાં જોડાવાનું આવકાર્યું અને ઈન્ડો-પેસિફિક રાજકીય પ્રદેશોમાં જોડાણો વધારવા સંમત થયા.

7. બંને નેતાઓએ ચાલી રહેલા યુક્રેન-રશિયા સંઘર્ષ અંગે પણ ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ વધતી જતી માનવતાવાદી કટોકટી પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને હિંસાનો તાત્કાલિક બંધ કરવા તથા આગળ વધવાના એકમાત્ર માર્ગ તરીકે સીધા સંવાદ અને મુત્સદ્દીગીરી તરફ પરત ફરવાના તેમના આહવાનનો પુનરોચ્ચાર કર્યો હતો.

8. ગયા વર્ષે COP26 ના સફળ આયોજન માટે વડા પ્રધાન જોન્સનને વડાપ્રધાન શ્રી મોદીએ અભિનંદન આપ્યા હતા. તેઓએ પેરિસ કરારના લક્ષ્યો હાંસલ કરવા અને ગ્લાસગો ક્લાઈમેટ પેક્ટના અમલીકરણમાં મહત્વાકાંક્ષી દૂષિત આબોહવા સામે કામ કરવા પ્રત્યે પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેઓ, સ્વચ્છ ઊર્જા, ઓફ-શોર વિન્ડ એનર્જી અને ગ્રીન હાઈડ્રોજન સહિત, ના ઝડપી પરિનિયોજનમાં સહકાર વિસ્તૃત બનાવવા અને ISA હેઠળ ગ્લોબલ ગ્રીન ગ્રીડ, વન સન, વન વર્લ્ડ વન ગ્રીડ ઈનિશિયેટિવ (OSOWOG) અને CDRI હેઠળ IRIS પ્લેટફોર્મના વહેલા કામકાજીકરણ માટે ઘનિષ્ટતા સાથે કાર્ય કરવા સંમત થયા હતા. જે COP26 ખાતે ભારત અને યુ.કે. દ્વારા સંયુક્ત રીતે લોન્ચ કરવામાં આવ્યા હતા.

9. મુલાકાત દરમિયાન ભારત-યુ.કે. ગ્લોબલ ઈનોવેશન પાર્ટનરશિપના અમલીકરણ અને ગ્લોબલ સેન્ટર ફોર ન્યુક્લિયર એનર્જી પાર્ટનરશિપ (GCNEP) પરના બે MoUની આપ-લે કરવામાં આવી હતી. ગ્લોબલ ઈનોવેશન પાર્ટનરશિપ દ્વારા, ભારત અને યુ.કે. ત્રીજા દેશોમાં ક્લાઈમેટ સ્માર્ટ સસ્ટેઈનેબલ ઈનોવેશનના ટ્રાન્સફર અને સ્કેલ-અપને સમર્થન આપવા માટે 75 મિલિયન પાઉન્ડ સુધી સાહિયારું ફાઈનાન્સ કરવા સંમત થયા

છે. આ ભાગીદારી હેઠળ બનાવવામાં આવેલ નવા જ પ્રકારના GIP (ગ્લોબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાર્ટનેર) ફંડ, ભારતીય નવનિર્માણોને સમર્થન આપવા માટે બજારમાંથી વધારાના 100 મિલિયન પાઉન્ડ એકત્ર કરવાનું પણ લક્ષ્ય રાખશે

10. નીચેની ઘોષણાઓ પણ કરવામાં આવી હતી - (I) વ્યૂહાત્મક ટેક ડાયલોગ - 5G, AI વગેરે જેવી નવી અને ઉભરતી સંચાર તકનીકો પર જે તે દેશના મંત્રી સ્તરીય સંવાદ. (II) ઇન્ટેગ્રેટેડ ઇલેક્ટ્રિક પ્રોપલ્શન પર સહયોગ - બે નૌકાદળો વચ્ચે ટેકનોલોજીનો સહ-વિકાસ.

11. વડા પ્રધાન જ્હોન્સને આ અગાઉ 21 એપ્રિલ અમદાવાદ, ગુજરાતથી તેમની મુલાકાતની શરૂઆત કરી છે જ્યાં તેમણે સાબરમતી આશ્રમ, માસવડ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વડોદરા ખાતેના JCB પ્લાન્ટ અને ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં આવેલી ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી.

12. વડા પ્રધાન મોદીએ વડા પ્રધાન જોન્સનને 2023 માં ભારતના પ્રમુખપદ હેઠળ G20 સમિટ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું છે. વડા પ્રધાન જ્હોન્સને વડા પ્રધાન મોદીને યુ.કે. ની મુલાકાત લેવા તેમના આમંત્રણનો પુનરોચ્ચાર કર્યો હતો. માનનીય વડા પ્રધાન મોદીએ આ આમંત્રણ સ્વીકાર્યું હતું.

આદાનપ્રદાન કરાયેલા MoU (મેમેરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ)ની યાદી

નવી દિલ્હી
એપ્રિલ 22, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.